ગાંધીનગર સમાચાર
તા. ૨૩-૩-૨૦૧૫, સોમવાર

## તંત્રી સ્થાનેથી....

### નકલખોરીનો સર્વવ્યાપી રોગ

બિહારમાં મેટ્રિકની પરીક્ષામાં ઉઘાડે છોગ થઇ રહેલ ચોરીનાં દ્રશ્યો મીડિયા અને અખબારોમાં પ્રગટ થતાં જોયા પછી એમ જ લાગે કે આપણી પરીક્ષા પદ્ધતિને અસાધ્ય રોગ લાગુ પડી ગયો છે. એકલદોકલ છોકરું ચોરી કરવાનો પ્રયાસ કરે તે સમજી શકાય, પરંતુ અહીં તો દરેક વિદ્યાર્થી પાસે પદ્ધતિસર ચોરી કરાવાતી હોય, એની પાછળ વાલીથી માંડી પોલીસ અને શિક્ષક સુધીના તમામ લોકો ભારે જહેમત ઉઠાવી રહ્યા હોય, એવો માહોલ વરતાઇ રહ્યો છે. બિહારમાં ગરીબી છે, ધંધો-રોજગાર કરતાં નાની-મોટી સરકારી કે બિનસરકારી નોકરીમાં જોડાવાનું વલણ વધારે જોવા મળે છે. સનદી સેવાઓમાં પણ સૌથી વધુ બિહારીઓ જોવા મળે છે. પરંતુ નૈતિક મૂલ્યો નેવે મૂકી પરીક્ષામાં યેનકેન પ્રકારેણ ઊંચું પરિણામ મેળવી લેવાના ધખારાને કારણે બિહારની ઇમેજ ખરડાઇ છે. વ્યાપક ચોરી-ચપાટીના આ રોગને બિહારનું શિક્ષણતંત્ર 'સામાન્ય' માની ને ચાલે છે. શિક્ષણમંત્રી પોતે કબૂલે છે કે જે પ્રકારની માનસિકતા વિદ્યાર્થી, વાલીઓ અને શિક્ષકોમાં ઘર કરી ચૂકી છે. તે જોતાં આવી પરીક્ષા ચોરીને પૂર્ણપણે અટકાવવાનું કામ અશક્ય છે. સમાજ પોતે જ આ મુદ્દે સરકારનો સહયોગ કરે તો કંક સુધારો થાય. જો કે આજના ભૌતિકવાદી અને દરેક મુદ્દે શોર્ટકટ શોધતા સમાજ પાસે એવી આશા રાખવી એ વધારે પડતું જ ગણાશે. બિહારના મુખ્યમંત્રી નીતીશકુમારે આવી ઘટના અમુક જ કેન્દ્રોમાં બનતી હોવાનું જણાવી એને આખા બિહારનું કલંક નહીં ગણી લેવાની ચાલાકીભરી રજૂઆત કરી છે, જે નર્યો દંભ છે. પરીક્ષા ચોરી નથી અટકાવી શકાતી એ સરકારની નિર્બળતા છે. ચોરી કરાવવા જીવસટોસટનાં જોખમો ખેડનારા વાલીઓ અને પરીક્ષા આપનારા વિદ્યાર્થીઓ તથા પોતાની શાળાનું સારું પરિણામ મેળવવા ઝંખના શિક્ષકોની આ કર્મકાંડમાં સામૂહિક સંડોવણી હોઇ સરકાર કડક થવા જાય તો એનો પડઘો આગામી વિધાનસભાની ચૂંટણીમાં પડ્યા વિના ન રહે. રાજકીય નુકશાન વહોરીને નીતીશકુમાર પરીક્ષામાં નૈતિક મૂલ્યોની જાળવણીનો આગ્રહ રાખે એટલા એ મૂરખ નથી. વળી એકલા બિહારમાં જ આવી પરીક્ષાચોરી કે નકલખોરી થાય છે એવું પણ નથી. ઉત્તરપ્રદેશ અને મધ્યપ્રદેશમાં પણ આવી જ સ્થિતિ પ્રર્વર્તી રહી છે. જયાં પરીક્ષાના ગુણાંક જ સારી કારકિર્દી અને નોકરી અને છોકરી માટેની પારાશીશી ગણાતા હોય ત્યાં આવી નકલખોરીનો રોગ કેન્સરની જેમ ફેલાય એમાં આશ્ચર્ય પામવા જેવું નથી. નકલખોરીની આ બીમારી વત્તાઓછા પ્રમાણમાં ગુજરાત સહિત દેશનાં તમામ રાજયોમાં જોવા મળે છે. જોકે ગુજરાતમાં છેલ્લાં કેટલાંક વર્ષોથી એનું પ્રમાણ ઘટ્યુ છે. હવે વ્હોટ્સ એપ પર જ પેપર ફૂટવા માંડ્યા હોય ત્યાં ત્રીજા-ચોથા માળની દીવાલ પર જીવના જોખમે ચબરખીઓ પહોંચાડવાની જરૂર જ કયાં રહે છે?

## હરિની દ્રષ્ટિ...




કાકા, નાનપણમાં પપ્પા હંમેશા વિરોધમાં હતા, સ્કુલમાં શિક્ષક, લગ્ન પછી બૈરી અને ઓફિસ સ્ટાફ... એટલે અમને વિરોધ કરતાં આવડી ગયો છે... તો અમને તમારા વૃક્ષ કાપવા વિરોધ અભિયાનમાં સામેલ કરી દો... !!

# પેપર લીક કેસમાં ફરિયાદ નોંધવા પોલીસનો ઈનકાર

## મામલામાં પોલીસ તપાસ કરે તેવી બોર્ડ અધિકારીઓની ઇચ્છા : પેપર લીક થવાના મામલામાં ઉંડી તપાસનો દોર

અમદાવાદ, તા. ૨૨

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા જીવ વિજ્ઞાનના પેપર લીક થવાના મામલા સાથે સંબંધિત કેસમાં ફરિયાદ કરવા ખોખરા પોલીસનો સંપર્ક કર્યો હતો પરંતુ પોલીસે ફરિયાદ નોંધવાનો ઈન્કાર કરી દીધા બાદ આને લઈને વધુ ચર્ચાઓ વાલીઓ અને વિદ્યાર્થીઓમાં જોવા મળી રહી છે.

બોર્ડના અધિકારીઓએ આ મામલામાં કેટલીક નક્કર બાબત મળ્યા બાદ પોલીસ ફરિયાદ કરવાનો નિર્ણય કર્યો છે. બોર્ડની પરીક્ષાના કલાકો પહેલા જ ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં જીવ વિજ્ઞાનનું પેપર લીક થઈ ગયું હતું. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ આ મામલામાં પોલીસ તપાસ ઈચ્છે છે. અમદાવાદમાં ડીઈઓના અધિકારીઓનું કહેવું છે કે, કેટલાક લોકોને પેપરો હાથ લાગ્યા હતા અને જ્યારે પરીક્ષા પૂર્ણ થઈ ત્યારે મૂળભુત પેપરો સાથે તેની ચકાસણી કરવામાં આવી હતી અને આમા જાણવા મળ્યું હતું કે, લીક થયેલું પેપર અને મૂળભુત પેપર બિલકુલ એક સમાન હતા. બોર્ડના અધિકારીઓનું કહેવું છે કે, ફુટેજમાં ચકાસણી કર્યા બાદ અને વાસ્તવિકતાની ચકાસણી કર્યા બાદ ફરિયાદ નોંધાવવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો.

ડીઈઓના અધિકારીઓ ખોખરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવા માટે ગયા હતા પરંતુ પોલીસે ફરિયાદ નોંધવાનો ઈન્કાર કરી દીધો છે. પેપર લીકની વિસ્તૃત ફરિયાદ ખોખરા પોલીસને આપવામાં આવી હતી. પોલીસ દ્વારા આમા ઉંડી તપાસ કરવામાં આવે તેવી ઈચ્છા બોર્ડના અધિકારીઓ રાખી રહ્યા છે. બીજી બાજુ ખોખરા પોલીસના અધિકારીઓ એવા દાવાને રદિયો આપી રહ્યા છે કે, બોર્ડના અધિકારીઓ આવ્યા હતા. ખોખરા પોલીસના પગલાથી કેટલાક નવા પ્રશ્નો સપાટી ઉપર આવ્યા છે. પેપર લીક જેવા ગંભીર મામલામાં પોલીસે ફરિયાદ કેમ ન નોંધી તેને લઈને પણ પ્રશ્નો ઉઠ્યા છે. એક અગ્રણી અખબારમાં અહેવાલ આવ્યા બાદ તેને લઈને વાલીઓમાં પણ આની ચર્ચા છે. બોર્ડના અધિકારીઓ આ મામલામાં પોલીસ તપાસ થાય તેવી ઈચ્છા રાખી રહ્યા છે પરંતુ પોલીસે ફરિયાદ નોંધવાનો ઈન્કાર કર્યો છે.



## રાજભવન પરિવાર દ્વારા ક્રિકેટ ટુનામેન્ટનો પ્રારંભ

રાજભવન પરિવાર દ્વારા ૨૧ માર્ચથી ૫ એપ્રિલ, ૨૦૧૫ સુધી યોજાનાર ક્રિકેટ ટુનામેન્ટનું આજે ગુજરાતના રાજયપાલના અગ્ર સચિવ અરંવિદ જોષીએ જીમખાના ગ્રાઉન્ડ, સેક્ટર-૨૧, ગાંધીનગર ખાતે શુભારંભ કરાવ્યો હતો. આ ટુનામેન્ટમાં કુલ ૫ ટીમો ભાગ લઈ રહી છે. ૫ એપ્રિલ, ૨૦૧૫ના રોજ ગુજરાતના રાજયપાલ ઓ.પી.કોહલીના હસ્તે વિજેતા ટીમોને ટ્રોફી એનાયત કરાશે. આ પ્રસંગે ઓ.એસ.ડી.દેવ ભારદ્વાજ, એ.ડી.સી સત્યમ દુબે, એમ.ડી.ખેડુવોરા, ડી. વાય. એસ.પી.ડી.ડી. દુબે, એ.પી. ચુડાસમા, ચંદ્રકાંત કનોજીયા, વિક્રમ ચૌહણ, ધર્મેશ કનોજીયા સહિત અન્ય ખેલાડીઓ ટુનામેન્ટમાં ભાગ લઈ રહ્યા છે. આ પ્રસંગે ગૃહનિયામક બકુલ જાની, સેકશન અધિકારી ડી.પી.શાહ, બીપીનભાઈ પરમાર, દીપકભાઈ મકવાણા અને મહેશભાઈ એમ.પરમાર સહિત અન્ય રાજભવનના પરિવારના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# આજે ભગતસિંહ, સુખદેવ-રાજગરુનો ૮૫મો શહીદ દિન

## દેશના યુવાનોમાં દેશ ભકિતનો જુવાળ જગાવનાર વીર સપૂતોને શત્ શત્ નમન

ગાંધીનગર, તા.૨૨

ભારતના વીર સપૂતો ભગતસિંહ, સુખદેવ અને રાજગુરુને અંગ્રેજોએ તા. ૨૩મી માર્ચ ૧૯૩૧ના દિવસે ફાંસી આપી હતી તે ઘટનાને ૮૪ વર્ષ પૂર્ણ થશે. ભારતના સ્વતંત્રતા આંદોલનન ઈતિહાસમાં આ શહીદીનું ખુબ જ અગત્યનું સ્થાન છે અને ભારતમાતાના આ વીર સપૂતોની શહીદી આજે પણ યુવાનોના રુંવા ઉભા કરી દે છે.

ભગતસિંહ, શિવરામ, રાજગુરુ અને સુખદેવ પર અંગ્રેજી પોલીસ અધિકારી સોન્ડર્સની હત્યાનો આરોપ હતો. લાલા લજપતરાય પર લાઠીચાર્જ અને તેમના દેહાંતથી સમસમી ઉઠેલા ભગતસિંહ અને તેમના સાથી ક્રાંતીવીરોએ સોન્ડર્સને તા. ૧૭મી ડિસેમ્બર ૧૯૨૮ના રોજ ઠાર માર્યા હતા. આ પછી ભગતસિંહે તા. ૮મી એપ્રિલ ૧૯૨૯માં ધારાસભામાં બોંબ ફંક્યો હતો તેમના પકડાયા પછી કેસ ચલાવવામાં આવ્યો અને તા. ૭મી ઓકટોબર ૧૯૩૦ના દિવસે ત્રણેયને ફાંસીની સજા સંભળાવવામાં આવી હતી. જો કે ફાંસીની સજાનો અમલ માટેની તારીખ ૨૪મી માર્ચ નક્કી કરવામાં આવી હતી. પરંતુ સમગ્ર દેશમાં ઉગ્ર આક્રોશ અને દેશભકિતનું ભયંકર મોજુ પ્રસરી જવા પામતા હચમચી ગયેલ અંગ્રેજ



સરકારે વિરોધના ડરથી એક દિવસ અગાઉ તા. ૨૩મી માર્ચ ૧૯૩૧ના દિવસે અચાનક ફાંસી આપી હુસૈનીવાલા ફિરોજપુરમાં સતલજ નદીના કિનારે અંતિમ સંસ્કાર પણ કરી નાંખ્યા હતા.

ભગતસિંહનો જન્મ તા. ૨૮મી સપ્ટેમ્બર ૧૯૦૭માં પંજાબના બંગા નામના ગામમાં કિશનસિંહ અને વિદ્યાવતી દેવીના ઘરે થયો હતો. તેમનું મૂળ વતન પંજાબના નવા શહેર જિલ્લાનું બટકર કબા ગામ હતું તેને પાછળથી શહીદ ભગતસિંહનગર નામ આપવામાં આવ્યું. હિન્દુસ્તાન સોશિયાલીસ્ટ રિપબ્લિક એસોસીએશનના નેજા તળે ચંદ્રશેખર આઝાદ અને અન્ય ક્રાંતિકારીઓએ ચળવળને આક્રમક બનાવી દીધી હતી. ભગતસિંહના નિકટના મિત્ર અને ક્રાંતિવીર સાથીદાર સુખદેવ થાપરનો જન્મ તા. ૧૫મી મે ૧૯૦૭ના રોજ પંજાબના લુધિયાણામાં થયો હતો તેઓ પોતાના સાથી વિદ્યાર્થીઓને અંગ્રેજો સામે લડવા સતત પ્રેરિત કરતા હતા. તેમણે લાહોરમાં નૌજવાન ભારત સભા નામનું સંગઠન પણ શરુ કર્યું હતું. રાજગુરુનું પુરુ નામ શિવરામ હરિ રાજગુરુ હતું અને ક્રાંતિકારીઓમાં તેઓ રઘુનાથના નામે જાણીતા હતા. તેમનો જન્મ તા. ૨૪મી ઓગષ્ટ ૧૯૦૮ના દિવસે મહારાષ્ટ્રના પૂણે નજીક ખેડ નગરમાં થયો હતો. જે આજે રાજગુરુનગર તરીકે ઓળખાય છે. તેમણે નાની ઉંમરમાં પિતાની છત્રછાયા ગુમાવી હતી અને હિન્દુ ધર્મગ્રંથો અને વેદોનો બારીકાઈથી અભ્યાસ કર્યો હતો. તેઓ ખુબ સારા નિશાને બાજ હતા. આ તમામ ક્રાંતિકારીઓ ચંદ્રશેખર આઝાદના પરિચયમાં આવ્યા પછી વધુ ઉગ્ર બન્યા હતા. કેન્દ્રિય એસેમ્બલીમાં બોંબ ફેકયા બાદ ભગતસિંહે ભાગી જવાને બદલે 'ઈન્કલાબ ઝિંદાબાદ'ના નારા સાથે ધરપકડ વ્હોરી હતી.

ભગતસિંહ, સુખદેવ અને રાજગુરુ ભારતની આઝાદી માટે ફાંસીના માંચડે ચડી શહીદ થઈ ગયા પંરતુ દેશના લાખો યુવાનોમાં દેશદાઝ અને સ્વતંત્ર્યતાની ચળવળની ચિનગારી ચાંપી ગયા હતા. આજે પણ તેમના શહીદ દિને દેશના તમામ નાગરિકો તેમને યાદ કરી શ્રધ્ધાસુમન અર્પણ કરે છે. છેલ્લા કેટલાક વર્ષોથી વધુ પડતા લોકભોગ્ય બનેલા સોશિયલ મિડીયા જેવા કે ફેસબુક, વોટસએપ અને અન્ય થકી તા. ૧૪મી ફેબ્રુઆરીના રોજ ઉજવાતા 'વેલેન્ટાઈન ડે' નો વિરોધ કરવા ભગતસિંહ, સુખદેવ અને રાજગુરુની ફાંસીની તારીખ તે જ હોવાના ખોટા મેસેજ વાઈરલ થયા કરે છે અનેક લોકો સત્ય જાણ્યા વગર જ તેને ફોરવર્ડ પણ કરી દેતા હોય છે પરંતુ હકીકત એ છે કે આ શહીદોને તા. ૭મી ઓકટોબર ૧૯૩૦ના દિવસે ફાંસીની સજા ફરમાવાઈ હતી અને તા. ૨૩મી માર્ચ ૧૯૩૧ના દિવસે ફાંસી અપાઈ હતી. આવા ઉતાવળીયા લોકોને ઈશ્વર સદબુદ્ધિ આપે તેવી પ્રાર્થના સાથે વીર શહીદોને શત્ શત્ નમન...

## પોરબંદર જિલ્લા નહેરુ કેન્દ્ર દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૨૧

પોરબંદર જિલ્લા યુવા સંયોજક કચેરી, નહેરુ યુવા કેન્દ્ર દ્વારા યુવા સંમેલન, યુવા કૃતિ-સાંસ્કૃતિક કાર્યક્રમ, પુર્નજાગરણ યાત્રા શુભારંભ સમારોહ વિઠ્ઠલભાઈ રાદડીયા, સંસદ સભ્યના અધ્યક્ષ સ્થાને યોજાશે.

યુવા ઉત્થાન માટે પ્રયત્નશીલ જિલ્લા યુવા કેન્દ્ર પોરબંદર દ્વારા વિવિધ કાર્યક્રમ યોજવામાં આવશે. આગામી ૨૪ માર્ચ, મંગળવાર સવારે ૯-૦૦ વાગે પોરબંદર જિલ્લાના છાયા ગામ સ્થિત સ્વામિનારાયણ ગુરુકુળ લો કોલેજ ખાતે સંસદ સભ્ય વિઠ્ઠલભાઈ રાદડીયાના અધ્યક્ષસ્થાને યોજાશે. કાર્યક્રમમાં દિનેશ પટેલ, કલેકટર પોરબંદર, અનિતા ભારતીય, પ્રાદેશીક નિયામક, શાસ્ત્રી ભાનુપ્રકાશદાસજી, અતિથિ વિશેષ તરીકે ભોજાભાઈ પરમાર, પ્રમુખ જિ.પં. પોરબંદર, પંકજભાઈ મજીઠીયા સહિતના પદાધિકારીઓ, કર્મચારીઓ ઉપસ્થિત રહેશે.

**રક્તદાન મહાદાન**

# હિન્દુ ધારા મુજબ પ્રથમ પત્ની સાથે લગનજીવન ચાલું હોય ત્યારે બીજી સ્ત્રી સાથે કોઇ લગ્ન અંગે કરાર કરી શકાતા નથી

**મહિલા સમાજ અને કાયદા**

*- ડો. ભાવના કે. જોશીપુરા*

આપણે ખાસ કરીને લગ્નવિષયક કરારો થઇ શકે કે કેમ? અને લોકો પોતાની માનસિકતા મુજબ કાયદાથી માન્ય નથી તે પ્રકારના લગ્નવિષયક કરારો કરે છે તે બાબતે સમજી રહ્યા હતા, લગ્ન વિષયક કરારો ઉપરાંત મહિલાઓ અને કરારનો કાયદો એ બાબતે પણ આપણે સમજી રહ્યા હતા.

આપણે જોયું કે કરારના ત્રણ પ્રકારો છે.

(૧) કાયદાની માન્ય

(૨) વ્યર્થ કરારો અને

(૩) વ્યર્થ જવાલાયક કરારો

આજે આ કોલમ લખી રહી છું ત્યારે એક બહેન રાજકોટ જિલ્લાનાં ગોંડલ તાલુકામાંથી પોતાના બે બહેનો અને અન્ય કુટુંબીઓ સાથે મળવા આવી છે. આ બહેન ખૂબ જ ભાંગી પડી છે, તેણી ખૂબ નિરાશ થઇ ગઇ છે, તેણીને એમ લાગે છે કે જીવનમાં કેટકેટલી વ્યથાઓ સહન કરવી? આ મહિલાને તેના પ્રશ્નો અંગે પૂછતાં તેણી વારંવાર જણાવે છે કે 'પતિએ મૈત્રી કરાર કરી લીધા છે.' રેખાની વ્યથા જોઇએ તો,

રેખાએ તેણીના પતિ મનીષ સામે ભરણપોષણની અરજી ચારેક વર્ષ પહેલાં દાખલ કરેલી છે. રેખાની તરફેણમાં ભરણપોષણનો ચુકાદો પણ આવી ગયેલ છે. પરંતુ મનીષ ભરણપોષણ ચુકવતો નથી અને ભાગતો ફરે છે. મનીષ પોલીસની નજરમાં ભાગતો ફરે છે. પરંતુ રેખા તો મનીષ અને તેની નવી પત્નીને સાથે ઘણીવાર જોઇ ચૂકી છે. દીકરીનો જન્મ થતાં જ મનીષે કહેલ કે મારે દીકરી જોઇતી નથી અને હું તને સાથે રાખીશ. આ એક માત્ર કારણસર મનીષે રેખાનો ત્યાગ કર્યો છે. મારી એક મિત્ર ડોકટર સાથે ૨૪ જાન્યુઆરીએ "સ્ત્રી બાળકી બચાવો" અભિયાન સંદર્ભે વાત થઇ રહી હતી. તે ડોકટર બહેન પોતાના મનની વ્યથા વ્યક્ત કરતા હતા. મને કહેતા હતા કે અમુક જ્ઞાતિના બહેનો દવાખાનામાં દાખલ થાય તો તેણીની ડીલીવરી પહેલાં તેના પતિ ડોકટર સાથે પણ ખૂબ માથાકૂટ કરે. અરે! ડોકટરને પણ જણાવે કે દિકરીનો જન્મ ન થવો જોઇએ. એવું લાગે કે જો દીકરીનો જન્મ ન થયો હોત તો આ ભાઇની પત્ની પણ મળી શક્ત નહીં. અને આમ જુઓ તો બેટી બચાવો અભિયાનની તમામ મીટીંગોમાં સમગ્ર સમાજને સામેલ કરવો જોઇએ. તેવું લાગે છે. ખેર! રેખાની જ વાત પર આવીએ તો,

રેખા એમ જણાવે છે કે તેના પતિએ મૈત્રી કરાર કરી લીધા છે. આજના યુગમાં પણ હજી ઘણી બધી કાયદાની અજ્ઞાનતા જોવા મળે છે. રેખા તથા તેની બહેનો એમ મોન છે કે રેખાનો પતિ નિલેષ મૈત્રી કરાર કરીને બીજી પત્ની લાવેલ છે તેથી તે કાયદા માન્ય બાબત છે. આપણે કરારોની બાબતમાં જોયું કે કેટલાંક કરારો મૂળથી જ વ્યર્થ છે અને કેટલાક કરારો વ્યર્થ જવા લાયક છે. લગ્ન જેવી ગંભીર બાબતો સંદર્ભે વિચાર કરીએ તો હિન્દુ ધારા મુજબ પ્રથમ પત્ની સાથે લગ્નજીવન ચાલું હોય ત્યારે બીજી સ્ત્રી સાથે કોઇ લગ્ન અંગે કરાર કરી શકાતા નથી.

● લગ્ન થવા સંદર્ભે અને લગ્ન તોડવા સંદર્ભે કરારો : કોઇ વ્યક્તિ બીજી વ્યક્તિને પતિ કે પત્ની મેળવી આપવાની અને તે માટે બદલો મેળવવાની સમજૂતી કરે તો તેને મેરેજ બ્રોકેજ કરાર કહેવામાં આવે આવે છે. આ પ્રકારના કરારો કાયદા વિરુદ્ધના ગણાય છે, કારણ કે લગ્ન જેવી ગંભીર બાબતોમાં કોઇ વ્યક્તિ બીજાને ફસાવે અને પત્ની મેળવી આપવાની શરતે દલાલી મેળવે તે કાયદાએ માન્ય કરી નથી. સ્ત્રી-પુરુષ સમાનતાના વર્તમાન સમયમાં કજોડાં, સગવડીયા લગ્ન અને વગર વિચાર્યા લગ્ન એ જાહેર નીતિ વિરુદ્ધના લગ્ન છે. ૧૯૭૬નાં સુધારેલા હિન્દુ કાયદા હેઠળ હવે લગ્ન સમયે કન્યાની ઉંમર ૧૮ વર્ષ પુરી અને વરની ઉંમર ૨૧ વર્ષ પૂરી હોવી જોઇએ.

હાલના યુગમાં હમણાં જ ચર્ચા કરી તેમ દીકરીઓની સંખ્યા દીનબદીન ઘટી રહી છે. સંયુક્ત રાષ્ટ્રસંઘે પણ ૨૦૧૫ના મહિલા દિને જાતિગત સમાનતા બાબતે ખાસ સંદેશો આપ્યો છે. ૧૯૯૫માં બૈજિંગ ખાતે જે વૈશ્વિક પરિષદ મળી હતી તેના માત્ર લેખાજોખા નહીં પરંતુ તે સંદર્ભે કામ કરવાનો સમય પાકી ગયો છે તેમ સંયુક્ત રાષ્ટ્ર સંઘના વડાએ સંદેશો આપ્યો છે. વિશ્વભરમાં ૨૦૩૦ સુધીમાં સ્ત્રી અને પુરુષોની સંખ્યામાં સરખી હોવી જોઇએ. તે બાબતનો નિર્દેશ કરેલ છે. સ્ત્રીઓની સંખ્યામાં ઓછી સંખ્યા હોવાને કારણે 'વેચાતી કન્યા' એ બાબત તથા આવા થયેલા લગ્નો પછીના પ્રશ્નોની સંખ્યા દીનબદીન વધતી જોવા મળે છે. કહેવાનો અર્થ એ છે કે જો કોઇ એક પુરુષને તેને લાયક કન્યા મળતી ન હોય તો પરપ્રાંતમાંથી કન્યા મેળવી આપવાની લાલચ આપવામાં આવે છે. આવી વચેટીયા વ્યક્તિ કન્યા લાવી આપવાના બદલામાં મોટી રકમ મેળવે છે. આવી રકમ એડવાન્સમાં મેળવે છે અને રકમ લેતી વખતે જો રકમ આપનાર વ્યક્તિને આ પૈસા આપવાનાં સંદર્ભમાં લખાણ લઇ લઇએ તો સલામતી ગણાય તેવું લાગે છે. અને આમ પૈસા આપનાર વ્યક્તિ પૈસા લેનારને સલામતી ખાતર કન્યા લાવી આપવા સંદર્ભે કરારમાં સહી કરી આપે અને પૈસા મેળવે તો આવી બધી બાબતો કાયદાથી માન્ય નથી. સ્ત્રીઓના અનૈતિક વેપાર અંગેની બાબત બહુ ચર્ચીત છે, પરંતુ જયારે વેચાતી કન્યાનો સવાલ આવે ત્યારે કેટલીક વાર છેતરપીંડીના કિસ્સા પણ જોવા મળે છે. કેટલીકવાર એવા કેસો પણ જોવા મળે છે કે લગ્ન કરનાર સ્ત્રી અગાઉ પરણી ચૂકી હોય છે. ઘણીવાર તો કન્યાને ખુદને પણ પૈસાની લેતીદેતી અંગેનો ખ્યાલ હોતો નથી.

લો કમિશનના મતે લગ્ન કરવા કરાવવા માટે સંમતિ આપનાર વાલી એ માટે નામાં મેળવે છે તો તે ગેરકાયદેસર બાબત છે. આવી પરિસ્થિતિના સંદર્ભે લો કમિશને જણાવ્યું છે તેમ ક.૨૩-અ નવી દાખલ કરવી જોઇએ. જેથી કોઇના લગ્ન કરવા કરાવવા માટે લેવાની રકમની તથા લગ્નની સંમતિ આપનાર વાલીને સંમતિના બદલામાં આપવાની રકમની સમજૂતીઓ કાયદા વિરુદ્ધની ગણાય.

રેખા મનીષે કરેલા મૈત્રી કરેલા કરારથી વ્યથિત છે. અત્રે નોંધ લઇએ કે આવા કોઇ મૈત્રી કરારનો કાયદો અસ્તિત્વમાં નથી. રેખાએ કેવા પ્રકારની લડત આપવી, રેખાના કેસમાં મનીષ સામે કાયદેસરની કાર્યવાહી સંદર્ભે તેમજ પરદાનશીન સ્ત્રીઓએ કરેલા કરારો અંગે મળીએ આવતાં અંકે...